વલસાડ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલ ઉઠાવતી ચોંકાવનારી ઘટના સામે આવી

વૃદ્ધા-કામવાળીને બંધક બનાવી લૂંટ

વલસાડમાં ધોળે દિવસે ત્રાટકેલા લૂંટારુઓએ તીક્ષ્ણ હથિયાર બતાવી રૂપિયા 3.86 લાખ મતાની લૂંટ ચલાવી

શાકભાજી માર્કેટમાં એક ફ્લેટમાં ધોળે દિવસે ત્રણ અજાણ્યા લૂંટ ચલાવી ફરાર, ઘટના સીસીટીવી કેમેરામાં કેદ

વલસાડ : વલસાડ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલ ઉઠાવતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. વલસાડ શાકભાજી માર્કેટમાં એક ફ્લેટમાં ધોળે દિવસે ત્રણ અજાણ્યા લૂંટારુઓએ ઘૂસીને વૃદ્ધા અને તેમની કામવાળી મહિલાને બંધક બનાવી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી કુલ રૂપિયા ૩,૮૬,૦૦૦ ની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા છે. ઘટના સીસીટીવી કેમેરામા કેદ થઈ હતી.

મળતી માહિતી મુજબ, વલસાડના શાકભાજી માર્કેટમાં આવેલા 'વિશાલ કોમ્પ્લેક્સ'માં રહેતા રંજનબેન અક્ષયલાલ પારેખ (ઉ.આ. ૭૪) ના ઘરે આ ઘટના બની હતી. ગતરોજ આશરે સાડા બાર વાગ્યાના સુમારે જ્યારે રંજનબેન અને તેમની કામવાળી મહિલા નિતાબેન ઘરે હતા ત્યારે ત્રણ અજાણ્યા ઈસમો ઘરમાં ઘૂસી આવ્યા હતાં. લૂંટારુઓએ તીક્ષ્ણ હથિયાર (ચપ્પુ) બતાવી બંને મહિલાઓને ડરાવી હતી. એક લૂંટારુએ વૃદ્ધાનું મોઢું દબાવી દીધું હતું અને બીજાએ તીક્ષ્ણ હથિયારથી ઈજા પહોંચાડી હતી. લૂંટારુઓએ બંને મહિલાઓના હાથ-પગ ટુવાલના કટકાથી બાંધી દીધા હતા અને બાથરૂમમાં પૂરી દીધા હતાં. સોનાના દાગીના કાનની બુટ્ટી, બંગડીઓ, ચેઈન અને નાકની નથણી (કુલ કિંમત આશરે રૂપિયા ૩,૨૧,૦૦૦), ભગવાનની નાની મૂર્તિઓ (કિંમત આશરે ૧૦,૦૦૦) કબાટમાં રાખેલા ૫૦,૦૦૦ રોકડા. સેમસંગ કંપનીનો એક એન્ડ્રોઈડ ફોન (કિંમત ૫,૦૦૦). મળીને રૂપિયા ૩,૮૬,૦૦૦ ની લૂંટ કરી ગયા હતાં.

મહિલાઓએ જેમ-તેમ કરીને બંધન મુક્ત થઈ પડોશીઓને જાણ કરી

ઘટના બાદ લૂંટારુઓ ફરાર થઈ જતાં, ભોગ બનનાર મહિલાઓએ જેમ-તેમ કરીને બંધન મુક્ત થઈ પડોશીઓને જાણ કરી હતી. પોલીસને ૧૧૨ નંબર પર જાણ કરતા પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. રંજનબેનની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા ત્રણ ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે લૂંટારુઓનું વર્ણન મેળવ્યું છે, જેમાં એક શખ્સે ઓરેન્જ અને સફેદ પટ્ટાવાળું ટી-શર્ટ પહેર્યું હતું, જ્યારે બીજાએ કાળા રંગનું શર્ટ અને પીળા રંગની ટોપી પહેરી હતી. હાલ સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે તપાસનો ધમધમાટ તેજ કરવામાં આવ્યો છે.

વાપી હાઈવે પર ગેસ ભરેલા ટેન્કર અને ટેમ્પો વચ્ચે ભયાનક અકસ્માત

અકસ્માતને પગલે ટેન્કરમાં આગ લાગતા બે ઈજાગ્રસ્ત

ટેન્કરનું કેબિન બ્રિજ નીચે લટકી આગ લાગતા અફરાતફરી મચી

વાપી : વાપી ને.હા.નં.48 પર બપોરના સમયે ગેસ ભરેલું ટેન્કર અને ટેમ્પો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાવાને કારણે ટેન્કરનું કેબિન બ્રિજ નીચે લટક્યું હતું અને આગ લાગી હતી. આગને પગલે આ વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આગની જાણ ફાયર વિભાગ અને પોલીસ ટીમને કરવામાં આવી હતી. ફાયર ટીમ આવી પહોંચી આગ પર કાબુ મેળવી લીધો હતો. અકસ્માતમાં બે ઈજાગ્રસ્ત થયા હતાં.

મળતી વિગત અનુસાર, વાપી ને.હા.નં.48 મુંબઈથી સુરત જતા લેન ઉપર બપોરના સમયે ટેન્કર અને ટેમ્પો વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતને પગલે ગેસ ભરેલા ટેન્કરના કેબિનનો ભાગ બ્રિજ નીચે લટક્યું હતું અને તે બાદ આગ લાગી હતી. ધૂમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી નજરે પડ્યા હતાં. ટેન્કરમાં પ્રોપલીન ગેસ ભરેલું હતું જેને લઈ આ વિસ્તારમાં અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. અકસ્માત અને આગની જાણ તરત જ પોલીસ અને ફાયર વિભાગને કરવામાં આવી હતી. બનાવ સ્થળે પોલીસ ટીમે પહોંચી એક તરફના હાઈવે તથા સર્વિસ બાજુના અમુક વિસ્તારને બંધ કરી દેવામાં આવ્યો હતો અને વાહનોને ડાયવર્ટ કરવામાં આવ્યા હતાં. આગની જાણ થતાં જ વાપી મહાનગરપાલિકા અને વાપી નોટીફાઈડની ફાયર ફાઈટરોની ટીમે પહોંચી આગ ઉપર કાબુ મેળવવા માટે પાણીનો મારો ચલાવ્યો હતો અને તે બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો. અકસ્માત થયેલા બંને વાહનોને ક્રેઈનની મદદથી માર્ગ પરથી હટાવી દીધા બાદ રાબેતા મુજબ હાઈવેને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. અકસ્માત કેવી રીતે સર્જાયો તે જાણી શકાયું નથી.

દબાણ કરનારા મોટા વેપારીઓ સામે પાલિકાની લાલ આંખ

વલસાડ સ્ટેડિયમ રોડ અને એમ.જી. રોડ પરથી નડતરરૂપ સ્ટેચ્યુ અને લારી-ગલ્લાઓનો સોથ વાળી દેતી પાલિકાની ટીમ

વલસાડ : વલસાડ શહેરના મુખ્ય માર્ગો પર દિન-પ્રતિદિન વધી રહેલા અતિક્રમણને દૂર કરવા માટે પાલિકા દ્વારા બુધવારે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શહેરના સ્ટેડિયમ રોડ અને એમ.જી. રોડ જેવા વિસ્તારોમાં રસ્તા પર સ્ટેચ્યુ (પૂતળા) અને લારીઓ મૂકી ટ્રાફિકમાં અડચણ ઊભી કરતા વેપારીઓ સામે પાલિકાની ટીમે ડિમોલિશનની ઝુંબેશ ચલાવી હતી.

પાલિકા તંત્ર દ્વારા અગાઉથી જ રિક્ષા ફેરવીને વેપારીઓને સૂચના આપવામાં આવી હતી કે તેઓ રસ્તા કે ફૂટપાથ પરથી પોતાનો સામાન અને સ્ટેચ્યુ હટાવી લે. આમ છતાં, મોટા વેપારીઓએ આ સૂચનાને ગંભીરતાથી લીધી ન હતી અને દબાણો યથાવત રાખ્યા હતા. અંતે, પાલિકાએ આક્રમક વલણ અપનાવી સપાટો બોલાવ્યો હતો.

બુધવારે સવારથી જ પાલિકાની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે મેદાનમાં ઉતરી રસ્તા પર નડતરરૂપ મુકાયેલા અને પ્રદર્શનમાં રાખેલા કપડાં પહેરાવેલા ૧૦થી વધુ મોટા સ્ટેચ્યુ જપ્ત કરી લારી-ગલ્લાઓને પણ દૂર કરવામાં આવ્યા હતા. પાલિકાએ તમામ વેપારીઓને કડક તાકીદ કરી છે કે જો ફરીથી દબાણ કરવામાં આવશે, તો લાયસન્સ રદ કરવા જેવી વધુ કઠોર કાર્યવાહી કરવામાં આવશે.

વેપારીઓમાં ફફડાટ અને જનતાને રાહત

પાલિકાની આ ઓચિંતી કાર્યવાહીને પગલે વેપારી આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. બીજી તરફ, સ્ટેડિયમ રોડ પર કાયમી ટ્રાફિક જામની સમસ્યાથી ત્રસ્ત રાહદારીઓ અને વાહનચાલકોએ આ કામગીરીને આવકારી છે. પાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં આ પ્રકારે દબાણ વિરોધી ઝુંબેશ અવિરત ચાલુ રાખવામાં આવશે.

બીલીમોરામાં મંદિર સામે રિક્ષામાં જોરથી ગીતો ન વગાડવાનું કહેતા હુમલો

મંદિરેથી દર્શન કરી પરત આવેલા યુવકને માર મારી ત્રણ ફરાર

બીલીમોરાઃ બીલીમોરામાં મંદિર પાસે રિક્ષા ઊભી રાખી જોરશોરથી ગીતો ન વગાડવાનું કહેનાર પર ત્રણ શખ્સે જીવલેણ હુમલો કર્યો હતો.

બીલીમોરા નવીનગરીની મેલડી માતા મંદિર નજીક સની રાજુભાઈ રાઠોડ છેલ્લા દસ દિવસથી રિક્ષા લાવી મંદિર પાસે ઊભો રહી જોરશોરથી ગીતો વગાડી ન્યુસન્સ ફેલાવતો હતો. હેમંત સોલંકીએ મોટેથી ગીતો ન વગાડવાનું સની રાઠોડને કીધું હતું. જ્યારે હેમંત સોલંકી મંદિરમાંથી પૂજા કરીને ઘરે જતો હતો તે વખતે તેને રસ્તામાં આંત્રી સની રાજુભાઈ રાઠોડ, આકાશ રાજુભાઈ રાઠોડ અને રાહુલ જેના પૂરા નામની ખબર નથી, ત્રણે રહેવાસી નવીનગરી ગાયકવાડ મીલ પાસે બીલીમોરાએ હેમંત સોલંકી ઉપર અદાવત રાખી તૂટી પડ્યા હતા. જેમાં સની રાઠોડે લોખંડના પાઈપ વડે બરડાના ભાગે ઈજા પહોંચાડી હતી. જ્યારે આકાશ રાજુભાઈ રાઠોડે પણ તેને લોખંડના પાઈપ વડે મારતા લોહી લુહાણ હાલતમાં ફસડી પડ્યો હતો. ત્રણેય જાનથી મારી નાખવાની ધમકી આપે ત્યાંથી ફરાર થઈ ગયા હતા. જોકે હેમંત સોલંકીના પિતા અને મેલડી માતા મંદિરના પૂજારી જીવાભાઈ જેઠાભાઈ સોલંકી તરત જ સ્થળ પર પહોંચી ઈજાગ્રસ્ત પુત્રને બીલીમોરા ની મેંગુશી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરીને પોલીસમા સની રાજુભાઈ રાઠોડ, આકાશ રાજુભાઈ રાઠોડ અને રાહુલ વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ હુમલાખરોની શોધખોળ કરી રહી છે.

દમણમાં પેકેજિંગ કંપનીમાં ભીષણ આગ ભભૂકી ઊઠી

દમણ ફાયર વિભાગની 5 ટીમોએ મહાજેહમત બાદ આગ પર મેળવ્યો કાબુ

આગની ઘટનામાં લાખ્ખો રૂપિયાનો પ્લાસ્ટિક મટીરિયલ્સનો સમાન બળીને ખાખ થયો

દમણ : સંઘપ્રદેશ દમણમાં પેકેજીંગ મટીરીયલ્સ બનાવતી કંપનીમાં લાગેલી ભીષણ આગમાં લાખ્ખો રૂપિયાનો પ્લાસ્ટિક મટિરિયલ્સનો સમાન બળીને ખાખ થઈ જવા પામ્યો છે. કંપનીમાં લાગેલી આગ પર દમણ ફાયર વિભાગની 5 ટીમો મહાજેહમત બાદ આગ પર કાબુ મેળવવામાં સફળતા મેળવી હતી.

મળતી માહિતી મુજબ, આજરોજ બપોરના સુમારે દમણના ભીમપોર સિલ્વર ઈન્ડસ્ટ્રીઝમાં આવેલી પ્લાસ્ટિકનો સામાન અને પેકેજીંગ કોથળા બનાવતી રિશી પેકેજીંગ નામની કંપનીમાં અચાનક આગી હતી. આગ લાગ્યાની જાણ કંપનીમાં કામ કરતા કામદારો અને કંપની સંચાલકોને થતાં તેઓ સુરક્ષિત રીતે બહાર નીકળી જવા પામ્યા હતાં.

જોત જોતામાં આગની જ્વાળાઓ આખે આખી કંપનીને ચપેટમાં લેતા આગની જ્વાળાઓ અને તેમાંથી નિકળતા કાળા ધુમાડાઓ દૂર સુધી આકાશમાં જોવા મળ્યા હતાં. ઘટનાને પગલે આ વિસ્તારમાં કામદારોનું ટોળું એકત્ર થઈ જવા પામ્યું હતું. ઘટનાની જાણ કરાતા દમણ ફાયર વિભાગે સ્થળ પર આવી આગ પર કાબુ મેળવવા જોતરાઈ ગઈ હતી. પરંતુ આગ ભીષણ હોવાના કારણે વધુ ફાયર ટીમની જરૂરિયાત વર્તાતા અન્ય 4 ફાયર ટીમ પણ સ્થળ પર આવી યુદ્ધના ધોરણે લાગેલી આગ પર કાબુ મેળવવા પ્રયાસ શરૂ કર્યો હતો. અંતે ફાયર વિભાગની ટીમે કંપનીમાં લાગેલી આગ પર કાબુ મેળવવામાં સફળતા મેળવી હતી. આગ લાગવાનું કારણ હાલ જાણી શકાયું નથી પરંતુ શોર્ટ સર્કિટના કારણે લાગી હોય તેવું પ્રાથમિક તારણ ફાયર વિભાગ દ્વારા લગાવવામાં આવી રહ્યું છે. આ ઘટનામાં કોઈને પણ ઈજા કે જાનહાનિ થવા પામી નથી. પરંતુ કંપનીના ગોડાઉનમાં રાખવામાં આવેલા પ્લાસ્ટિક મટીરિયલ્સનો લાખ્ખો રૂપિયાનો જથ્થો અને અન્ય સમાન બળીને ખાખ થઈ જવા પામ્યો હતો.

અતિક્રમણના કારણે ફાયરની ગાડીને પડતી અગવડતા

આ વિસ્તારની મોટાભાગની કંપનીઓ દ્વારા સેટબેકની જગ્યા પર અતિક્રમણ કરી શેડ પાડીને તેનો ગોડાઉન તરીકે ઉપયોગમાં લેતા હોવાના કારણે ફાયર વિભાગની ગાડીને સ્થળ પર પહોંચવા તથા ત્યાંથી ગાડીનો ટર્ન મારવામાં અનેક અગવડતાઓ સામનો કરી પસાર થવું પડ્યું હતું. ત્યારે જવાબદાર તંત્ર દ્વારા આ અંગે આવા કંપની સંચાલકો સામે દંડાત્મક કાર્યવાહી કરે તેવી લોકમાંગ પણ ઉઠી છે.

સંક્ષિપ્ત સમાચાર

વાંસદામાં બે સ્થળે આગ લાગતા અફરાતફરીનો માહોલ

નિલેશ કાપડિયા

વાંસદા : વાંસદા તાલુકાના બે ગામમાં અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વાંસદા તાલુકાના મહુવાસ ગામથી કેવડી રોડ તરફ જતા રસ્તા પર રાત્રિના આશરે ૧૦:૦૦ વાગ્યાના અરસામાં એક સુકાઈ ગયેલા વૃક્ષમાં અચાનક આગ લાગી જતા લોક ટોળું ભેગું થઈ ગયું હતું, ધીરે ધીરે આખું વૃક્ષ બળીને ખાખ થઈ જવા પામ્યું હતું. બીજા બનાવમાં વાંસદા - ભીનાર રોડ ઉપર આવેલા નાની ભમતી ગામે જાહેર માર્ગની બાજુમાં જ વાંસના ઝાડી જેવા વિસ્તારમાં કોઈક વ્યક્તિ દ્વારા બીડી સળગાવ્યા બાદ માચીસની કાંડી કચરામાં ફેંકી દેતા આગ લાગી ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા વાંસદાથી ફાયર વિભાગની ટીમને બોલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. થોડી વાર માટે માર્ગ પરથી પસાર થતા વાહનો પણ થંભી જવા પામ્યા હતા.

તીઘરામાં તળાવમાં ડૂબી જતાં માસૂમનું મોત

નવસારી : નવસારી જિલ્લાના તીઘરા વિસ્તારમાં આવેલા 'સાત તળાવ'માં 6 વર્ષના માસૂમ બાળકનું ડૂબી જવાથી મોત થતા શોકનો માહોલ છવાયો છે. તીઘરા રોડ પર આવેલી પંડિત દિનદયાળ નવી વસાહતમાં રહેતા અરવિંદભાઈ શંકરભાઈ વાઘનો પુત્ર મંગળવારે બપોરે તળાવમાં નહાવા ગયો હતો, જ્યાં અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતાં તેનું મોત નિપજ્યું હતુ. ઘટનાની જાણ થતા નવસારી રૂરલ પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી અને અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો છે.

પારડી હાઇવે પર બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો

પારડી : પારડી નેશનલ હાઇવે નંબર 48 વલસાડથી વાપી તરફ જતાં ટ્રેક પર પારડી વિશ્રામ હોટલ સામે આજે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં સ્વીફ્ટ અને અલ્ટો કાર વચ્ચે થયેલી ટક્કર એટલી જોરદાર હતી કે અલ્ટો કાર રસ્તા પર 3 થી 4 વખત પલટી મારી ગઈ હતી. સદનસીબે, આ ગંભીર દુર્ઘટનામાં કાર ચાલકનો આબાદ બચાવ થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સ્વીફ્ટ કાર (નંબર: GJ-15-CM-4715) અને અલ્ટો કાર (નંબર: GJ-15-AD-6900) વલસાડથી પારડી તરફ આવી રહી હતી. તે સમયે સ્વીફ્ટ કાર ત્રીજા ટ્રેક પરથી અચાનક બીજા ટ્રેક પર આવતા ત્યાં દોડતા અન્ય એક વાહન સાથે અથડાઈ હતી. ટક્કરને કારણે સ્વીફ્ટ કાર ગોળ ફરી ગઈ હતી અને પ્રથમ ટ્રેક પર ચાલતી અલ્ટો કાર સાથે ધડાકાભેર અથડાઈ હતી. સ્વીફ્ટની ટક્કર વાગતા જ અલ્ટો કાર બેકાબૂ બની હતી અને હાઇવે પર જ 3 થી 4 પલટીઓ મારી ગઈ હતી.

વાપી આર.કે. દેસાઈ કોલેજની વિદ્યાર્થિનીએ ગોલ્ડ મેડલ મેળવ્યો

વાપી : વાપીની આર. કે. દેસાઈ કોલેજ ઓફ સાયન્સ અંતર્ગત ટી.વાય.બી.એસ.સી સેમેસ્ટર -6 માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની માહ્યાવંશી દ્રષ્ટિએ માર્ચ 2025-26 માં લેવાયેલી યુનિવર્સિટી પરીક્ષામાં ન્યૂમેરીકલ મેથડસ વિષય માં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી યુનિવર્સિટી ખાતે ગોલ્ડ મેડલ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ વિષય પ્રા. શિવ દેસાઈ દ્વારા ભણાવવામાં આવ્યો હતો. આ ગૌરવશાળી સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઇ, કેમ્પસ ડિરેક્ટર ડો. મિત્તલ શાહ, ઈનચાર્જ આચાર્ય પ્રા. સુરભી ચૌધરી તેમજ HOD પ્રા. સુષ્મા ગવાઇ તથા કોલેજ પરિવારના સર્વે પ્રાધ્યાપકોએ આનંદ વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યાં હતાં.

ચીખલી તાલુકામાં ભાજપે એકહથ્થુ શાસન જાળવી રાખ્યું

જિલ્લા પંચાયતની તમામ ૮ બેઠક અને તાલુકા પંચાયતની ૨૮ પૈકી ૨૫ બેઠકો પર ભાજપનો ભવ્ય વિજય

કોંગ્રેસ માત્ર 3 બેઠકો પર જ વિજય મેળવી શકી

ધર્મેશ પટેલ

ચેજ : ચીખલી તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ એકહથ્થુ શાસન જાળવી રાખ્યું છે. જિલ્લા પંચાયતની તમામ ૮ બેઠકો અને તાલુકા પંચાયતની ૨૮ પૈકી ૨૫ બેઠકો પર ભાજપનો ભવ્ય વિજય થયો છે, જ્યારે કોંગ્રેસ માત્ર ૩ બેઠકો પર જ વિજય મેળવી શકી છે.

જિલ્લા પંચાયતમાં ચેજ, સમરોલી અને રૂમલા બેઠક પર ભાજપના ઉમેદવારો અગાઉથી જ બિનહરીફ જાહેર થયા હતા. અન્ય બેઠકો પરના પરિણામોમાં સાદકપોરમાં કૌશિક પટેલ (૪૬૨૪ ની સરસાઈ), કુકેરીમાં ડૉ. નેહા પટેલ (૪૩૨૮ ની સરસાઈ), વાંઝણામાં નલિન પટેલ (૩૬૭૪ ની સરસાઈ) અને માંડવખડકમાં ગીતાબેન ગાવિત (૫૯૩ મતોની પાતળી સરસાઈ) મેળવી હતી.

તાલુકા પંચાયતમાં ભાજપ તરફથી વંકાલ બેઠક પર ગૌતમભાઈ હળપતિએ સૌથી વધુ ૪૧૯૩ મતોની સરસાઈ મેળવી હતી. આ ઉપરાંત રૂમલા, ચેજ અને સિયાદા બેઠકો પર પણ નોંધપાત્ર સરસાઈ મળી હતી. જોકે, કાંગવઈ, ઢોલુમ્બર અને ચાસા જેવી બેઠકો પર ભાજપે ત્રણ આંકડાની પાતળી સરસાઈથી વિજય મેળવ્યો હતો.

ચાસા બેઠક પર ભાજપ, કોંગ્રેસ અને 'આપ' વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાયો હતો, જેમાં ભાજપનો માત્ર ૩૨૫ મતોથી વિજય થયો હતો. કોંગ્રેસે ગત ટર્મની જેમ આ વખતે પણ ૩ બેઠકો પર સંતોષ માનવો પડ્યો છે. માંડવખડક બેઠક પર ગીતાબેન પટેલનો માત્ર ૧૩૮ મતોથી વિજય થયો હતો. નોંધનીય છે કે, વાંઝણાની સામાન્ય બેઠક પર ભાજપે એસ.ટી. ઉમેદવાર ઉતાર્યા હતા, જ્યાં કોંગ્રેસના આનંદભાઈ પટેલે ૮૮૭ મતોની સરસાઈથી જીત મેળવી હતી.

આ પરિણામો સાથે ચીખલી પંથકમાં ભાજપનું વર્ચસ્વ યથાવત રહ્યું છે, જ્યારે વિપક્ષી છાવણીમાં મંથનની જરૂરિયાત વર્તાઈ રહી છે.

ચીખલી તાલુકામાં કોંગ્રેસના ધબડકા બાદ સંગઠનમાં ફેરફારના એંધાણ

ચીખલી તાલુકામાં કોંગ્રેસના ધબડકા બાદ નેતૃત્વ પરિવર્તન સાથે સંગઠનમાં ધરખમ ફેરફાર થવાના એંધાણ વર્તાય રહ્યા છે. ગણદેવી ઉપરાંત વાંસદા વિધાનસભા મતવિસ્તારમાં પણ કોંગ્રેસનો દેખાવ નબળો રહ્યો છે. ચૂંટણીની શરૂઆતમાં જ મતદાન પૂર્વે જિલ્લા પંચાયતની ત્રણ અને તાલુકા પંચાયતની પાંચ બેઠકો ભાજપ બિનહરીફ કરવામાં સફળ રહેતા કોંગ્રેસની નેતાગીરી સામે સવાલો ઉભા થવા પામ્યા હતા. જિલ્લા પંચાયતની ચેજ બેઠક પર તો કોંગ્રેસ ઉમેદવારી જ ન કરાવી શક્યું હતું. આ બેઠક પર માત્ર ભાજપના એક જ ઉમેદવારનું ઉમેદવારી પત્રક ભરાયું હતું. જોકે તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસના નબળા દેખાવ માટે કોંગ્રેસમાં આંતરિક વિખવાદ જવાબદાર છે કે અન્ય કારણો છે તે માટે કોંગ્રેસના મોવડી મંડળ દ્વારા વિશ્લેષણ કરવામાં આવશે તેમ લાગી રહ્યું છે.

વાંઝણા બેઠકની પેચ ગૂંચવાવાની શક્યતા

ચીખલીની નવી પ્રાથમિક શાળામાં જિલ્લા પંચાયતની વાંઝણા બેઠકની મતગણતરી દરમ્યાન ઇવીએમના સીલ તૂટેલા હોવાની કોંગ્રેસના ઉમેદવારની રજુઆતમાં ઇવીએમ સીલ કરવા માટે તારની જોગવાઈ ન હોવાનું અને પેપરસીલની જોગવાઈ હોય પેપરસીલથી સીલ કરેલા હોવાનું ચૂંટણી અધિકારી દ્વારા લેખિત જવાબમાં જણાવાયું છે. વાંઝણા જિલ્લા પંચાયતની મતગણતરી દરમ્યાન કોંગ્રેસના ઉમેદવાર હેમાંગીનીબેન દ્વારા ચાચા અને બારોલીયા મતદાન મથકના ઇવીએમના સીલ તૂટેલા હોવાની લેખિત રજૂઆત કરી ગણતરીની શરૂઆતમાં જ કોંગ્રેસ અને આપના ઉમેદવારો બહાર નીકળી ગયા હતા અને ગણતરીની પ્રક્રિયામાં સહિ પણ કરી ન હતી. જેમાં ચૂંટણી અધિકારી દ્વારા તારના સીલની જોગવાઈ નથી અને પેપર સીલની જોગવાઈ હોય તે મુજબ સીલ કરેલા છે અને મતગણતરી વખતે આ પેપર સીલ અકબંધ હાલતમાં મળેલા છે. આ ઉપરાંત હોલમાં સીસીટીવી રાખવા સંબંધે કોઈ જોગવાઈ/સૂચના અમલમાં ન હોવાથી સીસીટીવી ઉપલબ્ધ ન હોય ફૂટેજ આપવાનો પ્રશ્ન રહેતો નથી આમ વાંઝણા બેઠકની પેચ ગૂંચવાવાની શક્યતા જણાઈ રહી છે.

સાદકપોરમાં પિતા સાથે બાઈક પર જતા બાળક પર દીપડાનો હુમલો

વન વિભાગની નિષ્ક્રિયતા સામે ગ્રામજનોમાં ભારે રોષ

ઇજાગ્રસ્ત બાળકને હોસ્પિટલમાં 14 ટાંકા આવ્યા

ચેજ : ચીખલી તાલુકાના સાદકપોર ગામના ભવાની ફળિયામાં રહેતા રોહન હિરેનભાઈ રાઠોડ (ઉં.વ. 10) તેના પિતા સાથે મોટરસાયકલ પર રાત્રે આઠેક વાગ્યાના અરસામાં ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન બામણિયા પાસેના સુમસાન વિસ્તારમાં અચાનક ત્રણ દીપડા ધસી આવ્યા હતા.

આ હુમલામાં રોહનના પગમાં દીપડાના પંજા વાગતા તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. પિતાએ મોટરસાયકલ પર કાબૂ જાળવી રાખતા બંનેનો આબાદ બચાવ થયો હતો, પરંતુ દીપડાના આ હુમલાથી પિતા-પુત્ર ભયભીત થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત રોહનને આનંદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેના પગમાં 14 ટાંકા આવ્યા છે.

ગામના રેપ્યુટી સરપંચ સંજયભાઈના જણાવ્યા અનુસાર, છેલ્લા ચાર દિવસથી બામણિયા વિસ્તારમાં દીપડાની અવરજવર અંગે વન વિભાગને રજૂઆતો કરી છતાં, વન વિભાગ દ્વારા કોઈ ગંભીરતા દાખવવામાં આવી ન હતી કે પાંજરું ગોઠવવાની તસ્દી લેવામાં આવી ન હતી. બે વર્ષ પૂર્વે પણ આ જ ગામમાં દીપડાના હુમલાથી એક મહિલાનું મૃત્યુ નીપજ્યું હતું. જૂની ઘટના અને અત્યારની તંત્રની આળસને કારણે સ્થાનિકોમાં વન વિભાગ પ્રત્યે ઉગ્ર રોષ ફેલાયો છે. શાળામાં અભ્યાસ કરતા બાળક પર થયેલા આ હુમલા બાદ સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો છે અને વન વિભાગ તાત્કાલિક પાંજરું ગોઠવે તેવી માંગ ઉઠી છે.

સત્તાવીસમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ. નાનુભાઈ લાલાભાઈ ભંડારી
સ્વ. તા. 30/04/1999

આપની વિદાયને આજે સત્તાવીસ વર્ષ પૂરા થયા,
પરિવાર જેમનું મંદિર હતું
પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું
પુરુષાર્થ જેમની ભક્તિ હતી, તેવા અમારા માર્ગદર્શક રૂપ તથા પ્રેરણામૂર્તિ વડીલ, જેના દરેક વિચારમાં દાન, ધર્મ અને નીતિ વસેલી હતી તેઓને તેમની પુણ્યતિથિએ યાદ કરીએ છીએ.

સ્વ. ગં.સ્વ. નિર્મળાબેન નાનુભાઈ ભંડારી

પુત્રો : પંકજ, પરેશ, ધર્મેશ
પુત્રવધૂ : ભાવિકા, વિભૂતી, ભાવિની
પૌત્ર : નિકેત, ધ્રુવ, દક્ષ
પૌત્રવધૂ : હર્ષવી
પૌત્રી : નિધી, જાહ્નવી, માર્ગી
પૌત્રી જમાઈ : કુણાલકુમાર
પૌત્રી જમાઈ નિખિલકુમાર
પુત્રી : કામિની
જમાઈ : દિલીપકુમાર
દોહિત્ર : મંથન
દોહિત્રી : જીનલ, ઝરલ
દોહિત્રી જમાઈ : જીજ્ઞેશકુમાર, અક્ષયકુમાર
દોહીત્રી પુત્રી : ત્રીધા, જૈવી

સ્થળ : 'પ્રેરણા' રત્નકપાડ સોસાયટી, વાપી -396191